**અમદાવાદના મહે. એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નંબર – ૨૦)**
**શ્રી એસ.પી. પટેલ સાહેબ ની કોર્ટમાં, મુ. અમદાવાદ**

**ક્રિ.કેસ નં.–૩૩૨/૨૦૧૧**

**આંક–૧ લગત હુકમ**

સદર કામનું રેકર્ડ જોતાં આ કામના ફરિયાદી ખૂબ લાંબા સમયથી હાજર રહેલા નથી કે ફરિયાદ અનુસંધાને કોઈ કાર્યવાહી કરવાની તકેદારી રાખેલ નથી. સદરહું ફરિયાદ ખાનગી ફરિયાદ છે જેથી સદર કામે હાજર રહી પોતાની ફરિયાદ અનુસંધાને જરૂરી કાર્યવાહી કરવાની જવાબદારી ફરિયાદીની છે પરંતુ ફરિયાદી હાજર રહેતા નથી અને કોઈ કાર્યવાહી કરવાની તકેદારી રાખેલ નથી. જે સંજોગોમાં ફરિયાદીને હાલની ફરિયાદ ચલાવવામાં કોઈ રસ નથી એવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેથી સદરહું ફરિયાદ ફરિયાદીની સતત ગેરહાજરી તેમજ કોઈ કાર્યવાહી ન કરવાને કારણે ડિસમીસ કરી ફેંસલ કરવાનો તેમજ આ કામના આરોપીઓને બિનતહોમત, ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ–૨૬, માહેઃ જૂન, સનેઃ ૨૦૨૨ માં સ્પેશિયલ સીટીગમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તારીખઃ–૨૬/૦૬/૨૦૨૨
અમદાવાદ

**(કુ.એસ.પી.પટેલ)**
એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૦, અમદાવાદ.
**GJ01123**